# મોડાસાના શિણાવાડ-રતનપુરથી મોટી પાંડુલીની પાણી પુરવઠાની લાઈનમાં ભંગાણ

મોડાસા, તા. ૨૭
હાલ ઓછા વરસાદને કારણે તળાવો ખાલી રહ્યા છે અને તેને લીધે પશુઓને પીવાના પાણીની ચિંતામાં ગરકાવ થઈ ગયા હતા ત્યારે રાજ્ય સરકાર દ્વારા નર્મદાના નીરથી જળાશયો અને કેનાલ મારફતે ગામડાના તળાવો માજુમ,વાત્રક અને મેશ્વો ડેમ સહીત ૫૧ તળાવો ભરવા એરલિફ્ટિંગની કામગીરી પમ્પીંગ સ્ટેશનોમાં શરુ થતા પાણીના નવા


તસવીર : મેહુલ જોષી

તકલીફ પડી રહી છે અને ચોમાસુ ખેતી પર સંકટ મંડરાતા પ્રજાજનો અને ખેડૂતોની હાલત કફોડી બનતા ભરવાની જાહેરાતમાં અરવલ્લી જીલ્લાનો સમાવેશ થતા પાણી પુરવઠા વિભાગ દ્વારા જીલ્લાના નીરની આવક થતા પ્રજાજનો અને ખેડૂતોમાં આનંદ છવાયો હતો ત્યારે પાણી પુરવઠા તંત્રની એસ.કે-૨ યોજના હેઠળ મોડાસાના શિણાવાડ-રતનપુરથી મોટી પાંડુલીની પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાતા હજ્જારો લીટર પાણીનો વેડફાટ થતા ખેડૂતો સહીત ગ્રામ્યવિસ્તારમાં ભારે રોષ ફેલાયો છે.

મોડાસાના શિણાવાડ-રતનપુરથી મોટી પાંડુલી સુધી પાણી પુરવઠા વિભાગ દ્વારા એસ.કે-૨ યોજના અંતર્ગત નર્મદાનું પાણી પાઈપલાઈન મારફતે પહોંચાડવામાં આવી રહ્યું છે ત્યારે પાણી પુરવઠા વિભાગની ઘોર બેદરકારી બહાર આવતા છેલ્લા એક મહિનાથી પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા હજ્જારો લીટર પાણીનો વેડફાટ થવાની સાથે ઘણા ગામડાઓમાં પાણી પૂરતા પ્રમાણમાં પહોંચતું ન હોવાથી પાણી પુરવઠા વિભાગે તાબડતોડ પાણીની પાઈપલાઈનમાં સર્જાયેલ ભંગાણનું સમારકામ હાથ ધરવામાં આવે તે ખુબ જ જરૂરી છે. મહામુલા પાણીના વેડફાટથી ખેડૂતો અને પ્રજાજનોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

## પાલનપુરના ગોબરીરોડ પર એસ.ટી. ડ્રાયવરને માર માર્યો

પાલનપુરના ગોબરી રોડ પર એક બાઈકચાલકે એસ.ટી ડ્રાયવરને માર માર્યો હોવાની ઘટના સામે આવી છે. ઈજાગ્રસ્ત ડ્રાઈવરને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો.

રાધનપુર- પાલનપુર રૂટની એસ.ટી.બસ લઈને બસ ડ્રાઈવર રવિ ગૌતમભાઈ ઠાકર પાલનપુર પહોંચ્યાં હતા.જ્યાંથી તેઓ બસ એસ.ટી.વર્કશોપ મુકવા જતા હતા. ત્યારે ગોબરીરોડ પર બાઈક ચાલક એસ.ટી.બસની ઓવરટેક કરવા જતા સ્લીપ ખાઈ જતા પડી ગયો હતો. જેને પગલે પોલીસકર્મીની ઓળખ આપતા આ બાઈકચાલકે એસ.ટી ડ્રાઈવર ની બેદરકારીથી અકસ્માત થયો હોવાનું જણાવી ડ્રાઈવર રવિ ઠાકરને માર માર્યો હોવાનું ઈજાગ્રસ્ત એસ.ટી. ડ્રાઈવર રવિ ઠાકરે જણાવ્યું હતું.આ ઘટનાને પગલે લોકોના ટોળે ટોળા એકત્ર થયા હતા. ત્યારે ડ્રાઈવર રવિ ઠાકરને ૧૦૮ મારફતે સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો.

# અરવલ્લી જીલ્લામાં વાદળછાયા વાતવરણમાં ફૂલ ગુલાબી ઠંડી : વાતાવરણમાં પલટો ખેડૂતોમાં દહેશત

મોડાસા, તા. ૨૭
અરવલ્લી જીલ્લામાં વિધિવત શિયાળાના પ્રારંભ પછી જીલ્લામાં મંગળવારે મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં નજીવો ઘટાડો જોવા મળ્યો હતો. સતત વાદળછાયું સહિતના પાકોનું વાવેતર થયું છે. સરકારે પણ ખેડૂતોના મોંઘાદાટ બિયારણ નિષ્ફળ ન જાય અને રવિ


તસવીર : મેહુલ જોષી

ઠંડીની જમાવટ ન થતા અને મિશ્ર ઋતુનો માહોલ ઉભો થતા રવિ વાવેતર કરનાર ખેડૂતો ચિંતામાં સરી પડ્યા હતા. સોમવારે વહેલી સવારે જીલ્લાના વાતાવરણમાં એકાએક પલટો આવતા વાદળો ઘેરાયા હતા. વાદળછાયા વાતાવરણના પગલે જીલ્લાના પ્રજાજનોએ ગુલાબી ઠંડીનો અહેસાસ અનુભવ્યો હતો. વાતાવરણ દિવસભર રહેતા માવઠાની દહેશતથી ખેડૂતોમાં ચિંતાની લકીરો તણાઈ હતી.

અરવલ્લી જીલ્લામાં રાજ્યના અન્ય વિસ્તરો કરતા નોંધપાત્ર વરસાદ વરસતા ખેડૂતોમાં આનંદ જોવા મળ્યો હતો. જિલ્લાના ભૂમિપુત્રોએ શિયાળાના પ્રારંભે ઘઉં, બટાકા, મકાઈ સીઝનમાં ભરપૂર ઉત્પાદન થાય તે માટે જળાશયોમાંથી પાણી છોડતા સિંચાઈનો લાભ લઈ રહ્યા છે. વાદળછાયા વાતાવરણથી પ્રજાજનોએ ઠંડીના ચમકારો અનુભવી રહ્યા છે યોગ્ય સમયે ઠંડીનું જોર વધતા ખેડૂતોમાં આનંદ સાથે માવઠાના દેહશતની ચિંતાની લકીરો તણાઈ હતી.

## કાણોદર નજીક ઈકોની અડફેટે માતા-પુત્રનું મોત

પાલનપુર તાલુકાના કાણોદર ગામે ગત મોડી સાંજે ઈકોની ટકકરે માતા- પુત્રનું મોત નિપજયું હતું. બન્ને રોડ ક્રોસ કરી રહ્યા હતા. ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. જેના પગલે સમગ્ર પંથકમાં અરેરાટી પ્રસરી જવા પામી હતી. કાણોદરમાં ગત મોડી સાંજે માતા-પુત્ર રોડ ક્રોસ કરી રહ્યા હતા. તે દરમિયાન પુરઝડપે આવેલા ઈકોના ચાલકે ગફલતભર્યું ડ્રાઈવિંગ કરી તેમને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બન્નેનું ઘટના સ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું. જ્યાં લોકોનું ટોળું એકત્ર થઈ ગયું હતું.

## વાસણ(ધા)માં તસ્કરો ત્રાટકયા

પાલનપુર તાલુકાના વાસણ(ધા) ગામમાં તસ્કરો ત્રાટકયા હતા. તસ્કરો રહેણાંક મકાન આગળ પડેલું બાઈક ઉઠાવી ગયા હતા. જયારે ગામના ખેતર નજીકનું કેબીન તોડ્યું હતી. ચોરીના પગલે ગ્રામજનો ટોળે વળ્યાં હતા. ગામના સરપંચ દ્વારા પોલીસ મથકે જાણ કરાઈ હતી. ત્યારે બાઈક અને કેબીન ધારક દ્વારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરાઈ છે. દુષ્કાળગ્રસ્ત પાલનપુર પંથકમાં ચોરી થતાં ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

## મગરવાડામાં શ્રી માણીભદ્ર વીર દાદાના મંદિરમાંથી સેન્ટીંગના સામાનની ચોરી

વડગામ તાલુકાના મગરવાડા ગામમાં ચોરીની ઘટના સામે આવી છે. મગરવાડાના શ્રી માણીભદ્રવિર મહારાજ મંદિરના સ્ટાફ કવાર્ટસનું બાંધકામ ચાલી રહ્યું છે. જે જગ્યા ઉપરથી રૂ.૮ હજારની કિંમતના ૧૬ ફર્મા સહિત સેન્ટીંગના સરસામાન ની ચોરી થઈ હતી. જે અંગે વડનગરના કોન્ટાક્ટર ગૌરાંગભાઈ ભાવસાર એ છાપી પોલીસ મથકે ચોરીની ફરીયાદ નોંધાવી છે. ત્યારે છાપી પોલીસે ફરીયાદના પગલે ૩ આરોપીઓ (૧) પીરોજપુરના નરેશ ઉર્ફે બાબરી મકવાણા (૨) તેનીવાડાના જગતસિંહ ઉર્ફે જગો રાજપુત અને (૩) લાલસિંહ રાજપુતનીધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## સાંકળચંદ પટેલ યુનિવર્સીટી ખાતે ભવ્ય પદવીદાન સમારોહ યોજાશે

સાંકળચંદ પટેલ યુનિવર્સીટી તકનીકી-તબીબી ક્ષેત્રે વિધાર્થીઓને શિક્ષણ આપતી સંસ્થા છે. ટેકનીકલ અને પ્રોફેશનલ ક્ષેત્રના સર્વાંગિ વિકાસ માટે યુનિ દ્વારા પ્લેટફોર્મ પૂરૂ પડાઈ રહ્યું છે. સાંકળચંદ પટેલ યુનિવર્સીટીની સ્થાપના ૨૦૧૬માં કરવામાં આવી હતી. રાષ્ટ્રીય તથા રાજ્ય ક્ષેત્રે ઉત્તમ કામગીરી સાંકળચંદ પટેલ યુનિવર્સીટી કરી રહી છે.૨૦૧૬માં પ્રવેશ મેળવી પદવી પ્રાપ્ત કરનાર વિધાર્થીઓ માટેનો પદવીદાન સમારંભ ૨૮ નવેમ્બરના રોજ રાજ્યપાલ ઓ.પી. કોહલી અને મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષ સ્થાને યોજાઇ રહ્યો છે.

# અરવલ્લી જિલ્લા વહીવટીતંત્રે ટેકાના પાંચ ખરીદ કેન્દ્રો પર ૧૨૦૦૦ બારદાન ઠાલવ્યા

મોડાસા, તા. ૨૭
સમગ્ર ગુજરાતમાં સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળીની આવેલા પલટાથી વાદળ ઘેરાતા માવઠું થવાની દહેશતના પગલે ખરીદ કેન્દ્રો પર ખરીદાયેલી હોવાની એક બે કેન્દ્રો પર ઘટનાઓ સામે આવતા રજીસ્ટ્રેશન કરેલા ખેડૂતોની મગફળીની ખરીદી



ખરીદીની પ્રક્રિયા ચાલી રહી છે ત્યારે અરવલ્લી જીલ્લામાં આવેલા ટેકાના ભાવે ખરીદ કરતા ૫ કેન્દ્રો પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવનાર ખેડૂતોને બારદાનના અભાવે ખરીદી અટકે નહિ તે માટે સતર્ક બની ૧૨૦૦૦ નવા બારદાન ખરીદી કરવામાં આવ્યા હોવાનું અને ટેકાના ભાવે ખરીદ કેન્દ્ર પર પહોંચતા કરવામાં આવ્યું હોવાનું અને હાલમાં વાતાવરણમાં મગફળી અને ખેડૂતોની મગફળી પલળે નહિ તે માટે તાડપત્રીની પણ વ્યવસ્થા કરવામાં આવી હોવાનું જીલ્લા સમાહર્તા એમ.નાગરાજને જણાવ્યું હતું.

અરવલ્લી જીલ્લામાં પુરવઠા અધિકારી એ.એ. ડોડીયાના જણાવ્યા અનુસાર રાજ્ય સરકારે મંજુર થયેલા ૫ ટેકાના ખરીદ કેન્દ્રો પર બારદાનના અભાવે ખેડૂતોની મગફળીની ખરીદી અટકી પડી અટકે નહિ તે માટે વહીવટીતંત્રમાં રજુઆત કરી ૧૨ હજાર બારદાન ઉપલબદ્ધ કરવાની સાથે ખેડૂતોની ખરીદી પ્રક્રિયા ઝડપી બને અને રજીસ્ટ્રેશન કરાવેલ એક પણ ખેડૂત મગફળી વેચાણ વગર પરત ન ફરે તેની પૂરતી તકેદારી રાખવામાં આવી છે. તદઉપરાંત ટેકાના ભાવે ખરીદેલી મગફળી વેરહાઉસમાં મોકલી આપવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

## બાવલચુડીમાં ઘાસના ગોડાઉનમાં આગ લાગતા દોડધામ

વડગામ તાલુકાના બાવલચુડી ગામમાં ઘાસચારાના ગોડાઉનમાં અચાનક આગ લાગી હતી. જેને પગલે દોડધામ મચી ગઈ હતી. બાવલચુડી ગામના અબ્દુલા હબીબ માણસીયાના ખેતરમાં આવેલા ઘાસના ગોડાઉનમાં અચાનક આગ લાગી હતી. જેને પગલે ગોડાઉનમાં મોટા પ્રમાણમાં પડેલો ઘાસચારો બળીને ખાખ થઈ ગયો હતો. આ

આગમાં શ્વાનના ૬ નાના બચ્ચાં પણ બળી જતા મોતને ભેટ્યા હતા. જયારે ખેતરમાં રહેલી એક ગાય ગંભીર રીતે દાઝી ગઈ હતી. જોકે, સ્થાનિક લોકોએ પાણીનો મારો ચલાવી ત્રઝ્મ મશીનની મદદથી ઘાસચારો ખસેડીને આગ ઉપર કાબુ મેળવ્યો હતો. જોકે, ઘાસચારામાં આગ લાગવાનુ કારણ અકબંધ રહ્યું છે. ઘટનાના પગલે લોકોના ટોળે ટોળા એકત્રિત થયા હતા.

# ખેડબ્રહ્મામાં નવનિર્મિત ફાયર સ્ટેશનનું લોકાર્પણ

ખેડબ્રહ્મા, તા. ૨૭
ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા ગુરુવારના રોજ લાખો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ ફાયર સ્ટેશનનું લોકાર્પણ લોકાર્પણ ગુરુવારે ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના ચેરમેન ધનસુખ ભંડેરી, પૂર્વ ધારાસભ્ય રમિલાબેન બારા,



તસવીર : રમેશ વૈષ્ણવ

કરવામાં આવનાર છે. જેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા કાશીવિશ્વનાથ મંદિર પાસે ૬૧.૩૧ લાખના ખર્ચે નવીન ફાયર સ્ટેશન બનાવવામાં આવેલ છે. જેનું પ્રાદેશિક કમિશ્નર વિશાલ ગુપ્તાની હાજરીમાં યોજાશે. હાલમાં નગરપાલિકા પાસે એક મોટું અને એક મીની ફાયર ફાઈટર છે. નગરપાલિકામાં હાલમાં ફાયર સ્ટાફમાં ૫ માણસોની જગ્યા છે. પણ એક જ હંગામી કર્મચારી રાખવામાં આવેલ છે.

ખેડબ્રહ્મામાં થોડા સમય પહેલા ભૃગુરૂશી મંદિર પાસે આગ લાગી હતી ત્યારે નગરપાલિકાના પટાવાળા પાસે આગ હોલાવવામાં આવી હતી અને તે બાદ ડંપીંગ સાઈટ પર આગ લાગી ત્યારે એક પટાવાળાના હાથ પણ દાઝી ગયા હોવા છતાં તાલીમબદ્ધ સ્ટાફ રાખાવામાં આવેલ નથી. હરણાવ નદીમાં પુર આવે અને કોઈ ફસાય ત્યારે બચાવ કામગીરી માટે ઈડરથી ફાયર સ્ટાફ બોલાવવો પડે છે.

ખેડબ્રહ્મામાં લોક મુખે ચર્ચાઈ રહ્યું છે કે આટલો ખર્ચ કરી જે સાધનો વોટર વર્કસ પાસે પડી રહેતા હતા તે અહીં પડી રહેશે. સરકાર દ્વારા બાકી જગ્યાઓ ભરવામાં આવે તો શહેરના યુવાનોને નોકરી મળી રહે અને ફાયર સ્ટાફ પણ મળી જાય.

# કાંકરેજ તાલુકાની દૂધ ઉત્પાદક મંડળીઓના ચેરમેન-મંત્રીઓ સાથે ચિંતન શિબિર યોજાઈ

### રાજ્યમાં સૌથી વધુ દૂધના ભાવો ચૂકવવામાં બનાસ ડેરી અગ્રેસર

કાંકરેજ, તા. ૨૭
બનાસ ડેરી અને દૂધ સહકારી મંડળીઓ વચ્ચેનો સંપર્ક સેતુ મજબૂત બને, દૂધના વ્યવસાયમાં વૈશ્વિક પ્રવાહોથી સૌ માહિતગાર થાય, મંડળીઓના પ્રશ્નો સંઘ મારફતે કઈ રીતે હલ થાય અને સંઘ મંડળીઓ પાસેથી શું અપેક્ષા રાખે છે આવા તમામ પાસાઓની દૂધ મંડળીઓના મંત્રીઓ અને ચેરમેનો સાથે રૂબરૂ ચર્ચા કરી તેનો ઉકેલ કરવાની દિશામાં જરૂરી કાર્યવાહી થાય તે માટે બનાસ ડેરીના ચેરમેન શંકરભાઇ ચૌધરીની અધ્યક્ષતામાં કાંકરેજ તાલુકાની દૂધ ઉત્પાદક મંડળીઓના ચેરમેન અને મંત્રીઓ સાથે ચિંતન શિબિરનું આયોજન થરા ખાતે કરવામાં આવ્યું હતુ

આ પ્રસંગે ચેરમેન શંકરભાઇ ચૌધરીએ દૂધ મંડળીના પ્રતિનિધીઓ સાથે સીધો સંવાદ સાધતા જણાવ્યું હતુ કે બનાસ ડેરી તેના રિસર્ચ અને ડેવેલોપમેન્ટ વિભાગ દ્વારા હવે ગાય અને ભેંસના છાણમાંથી પણ પશુપાલકોને કમાણી થઈ શકે તે માટે યોજના બનાવી રહી છે અને તેના ફળ સ્વરૂપ હવે એ દિવસો દૂર નથી કે ઘર વપરાશની સાથે સાથે ખેતીનું ઓઇલ એન્જીન, મોટર ગાડી, ટ્રેકટર અને બાઇક પણ ગોબર ગેસથી ચાલશે. અલગ અલગ જગ્યાએ સહકારી ધોરણે આવા ગેસ પંપ ઉભા કરાશે, જેના પરીણામે રોજગારીની તકો તો ઉભી થશે જ તથા ખેતી માટે ડીએપી અને યુરીયા ખાતરનો શ્રેષ્ઠ વિકલ્પ બની રહે તેવું જૈવિક ખાતર પણ ઉપલબ્ધ બનશે.

આ ઉપરાંત મંડળીઓની આર્થિક સ્થિતિ મજબૂત થાય તે માટે દૂધ મંડળીઓ દ્વારા જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓનો મોલ


તસવીર : આશારામ રાવલ

ઉભો કરવાની પહેલ કરવાની જાહેરાત કરતાં ચેરમેન શંકરભાઇએ જણાવ્યું હતુ કે આના કારણે મંડળીઓનો નફો વધશે અને ગામના ખેડૂતો-પશુપાલકોને સસ્તા ભાવે જીવન જરૂરી ચીજવસ્તુઓ ઉપલબ્ધ બનશે. ચેરમેને ચિંતન શિબિરના સીધા સંવાદ દરમ્યાન મંડળીઓના ચેરમેન મંત્રીઓનો ઉપસ્થિત થયેલા પ્રશ્નો-સમસ્યાઓનો દૂધ સંઘના અધિકારીઓને બેઠક દરમ્યાન જ સૂચના કરી મોટાભાગના પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ કરેલ હતો.

દૂધના ધંધામાં વૈશ્વિક મંદીના મહોલ વચ્ચે પણ શંકરભાઇના કુનેહપૂર્વકના વહિવટના લીધે ખેડૂતોને દૂધના પોષણક્ષમ ભાવો મળી રહ્યાં છે. તેમણે ઉમેર્યું હતુ કે બનાસકાંઠા જીલ્લાની આસપાસ આવેલા દૂધ સંઘોની સરખામણીએ પશુપાલકોને દૂધના સૌથી વધુ ભાવ ચુકવવાનું કામ બનાસ ડેરી કરી રહી છે.

આ પ્રસંગે એમ.પી. વિભાગના એ.જી.એમ. ડૉ. પ્રફૂલ ભાનવાડીયાએ દૂધ મંડળીઓના વહીવટ વિશે તેમજ સીનીયર મેનેજર હરીભાઇ પટેલે બનાસ ડેરીની તાકાતો, તકો અને ભય સ્થાનોનું વર્ગીકરણ વિષયક પ્રેઝન્ટેશન પશુપાલકોને રજૂ કર્યુ હતુ.

આ ચિંતન શિબિરમાં ગુજકોમાસોલના ડિરેકટર અમૃતભાઇ દેસાઇ, થરા માર્કેટ સમિતિના વાઇસ ચેરમેન ભુપતાજી ઠાકોર, સહકારી આગેવાન ઈશ્વરભાઇ પટેલ, ડાહ્યાભાઇ પીલીયાતર, કરણસિંહ દરબાર, રાજાભાઇ પટેલ, લક્ષમણભાઇ પટેલ, કાનજીભાઇ દેસાઇ સહિત મોટી સંખ્યામાં કાંકરેજ તાલુકાની દૂધ મંડળીઓના ચેરમેન અને મંત્રીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

### શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનો મહેસાણાથી પ્રારંભ

# નિરોગી-તંદુરસ્ત-સ્વસ્થ સમાજ બનાવવાનો આ સેવાયજ્ઞ જનસેવાનું અદકેરૂ અભિયાન : નીતિનભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૨૭
નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે મહેસાણા શહેરની પ્રાથમિક શાળા નંબર ૭ થી રાજ્ય વ્યાપી શાળા આરોગ્ય તપાસણીનો પ્રારંભ કરાવતાં જણાવ્યું હતું કે શાળા આરોગ્ય કાર્યક્રમ થકી રાજ્યના બાળકોની વિશેષ ચિંતા સરકાર દ્વારા થઈ રહી છે. આ ઉપરાંત રાજ્યમાં મા-વાત્સલ્ય અને આયુષ્યમાન ભારત યોજના થકી રાજ્યના આરોગ્ય સુખાકારી-નિરામય-તંદુરસ્ત જીવન માટે સરકાર કટીબદ્ધ બની છે.

નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે રાજ્યની આવતીકાલ તંદુરસ્ત અને નિરામય રહે તે માટે શાળા આરોગ્ય કાર્યક્રમ દર વર્ષે યોજાઇ રહ્યો છે. શાળા આરોગ્યના આ સેવાયજ્ઞમાં રાજ્યમાં ૦૧,૫૯,૨૯,૪૦૦ અને મહેસાણા જિલ્લામાં ૫,૧૯,૭૧૧ બાળકોની તપાસણી થવાની છે. આ મહાઅભિયાનોમાં માત્ર શાળાએ જતાં બાળકો જ નહિ, નવજાત શિશુઓથી માંડીને ૧૮ વર્ષ સુધી તમામની તપાસ થવાની છે.

નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે તપાસણી દરમિયાન સારવારની જરૂર પડે તો સ્થળ પર પ્રાથમિક સારવાર સહિત તબીબી અધિકારીની સલાહ મુજબ યોગ્ય સારવાર માટે રિફર કરવામાં આવે



છે. જેનો સંપુર્ણ ખર્ચ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે.

નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે નિરોગી-તંદુરસ્ત-સ્વસ્થ સમાજ બનાવવાનો આ સેવાયજ્ઞ જનસેવાનું અદકેરૂ અભિયાન છે. આજનું બાળક આવતીકાલના સશકત-સક્ષમ રાષ્ટ્ર-રાજ્યનું નિર્માતા છે જેના ભવિષ્યની વિશેષ ચિંતા સરકાર દ્વારા કરાઇ રહી છે.

રાજ્ય કક્ષાના શાળા આરોગ્ય કાર્યક્રમમાં ૫૭૫૨૩ આંગણવાડીના ૪૩,૭૧,૯૪૯ બાળકો, ૪૧૯૯૮ પ્રાથમિક શાળાના ૮૪,૮૫,૭૮૮ બાળકો, ૧૦૩૪૭ માધ્યમિક શાળાના ૨૬,૯૧,૯૫૦ બાળકો અને ૧૩૦૮ અન્ય સંસ્થાના ૨,૩૦,૦૦૦ બાળકોને સહિત શાળાએ નહિ જતા બાળકો મળીને કુલ ૧,૫૯,૨૯,૪૦૦ બાળકોની તપાસણી થવાની છે જેમાં ૪૦૦૦ ડોકટરો, ૪૦,૦૦૦ પેરામેડીકલ, મેડીકલ સહિત અન્ય સ્ટાફ સહિત ઈન્ડિયન મેડીકલ કાઉન્સીલ અને અન્ય સંસ્થાઓનો સહયોગ મળવાનો છે.